# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૧૩



જે સમયે જડના પરિણામ થાય છે તે જ સમયે જ્ઞાતાના પરિણામ જાણવાના થાય છે એ જ જ્ઞાતાનું વ્યાપ્ય છે, એ જ જ્ઞાનનો પુરુષાર્થ છે. ફેરફાર કરવું તે તો ઊંધો પુરુષાર્થ છે. જ્ઞાતા છે તે, તે જ સમયના જ્ઞેયપરિણામને જાણે, તે જ જ્ઞાતાનું કાર્ય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ કદાચિત્ સૂર્ય શીતલ હો જાય, ચન્દ્રમા ઉષ્ણ હો જાય, ગાયકે સીંગસે દૂધ નિકલને લગ જાય, વિષસે અમૃત હો જાય, અમૃતસે વિષબેલ ઉત્પન્ન હો જાય, અંગારસે શ્વેતતા આવિર્ભૂત હો જાય, અંગાર જલકર શ્વેત બન જાય, અગ્નિસે જલ પ્રગટ હો જાય, જલસે અગ્નિ હો જાય, ઔર કદાચિત્ નીમસે સુસ્વાદુ રસ ભલે હી પ્રગટ હો જાય, પરંતુ દુષ્ટબુદ્ધિ દુર્જનસે કભી સજ્જન પુરુષોંકા પ્રશસ્ત વાક્ય નહીં ઉપલબ્ધ હો સકતા હૈં. ૧૩૨૧. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૪૨)*

✻ જેમ મદઝરતા હાથીને ઝઝૂમતો દેખીને બધા લોકો દૂર ખસી જાય છે, તેમ ધર્મીના અંતરમાં નિર્મળ આત્માને દેખીને બધા પાપો દૂર ખસી જાય છે. ૧૩૨૨.

*(શ્રી નેમિશ્વર-વચનામૃત શતક, શ્લોક–૮૧)*

✻ હે જિનેન્દ્ર! જે જીવ સમસ્ત વસ્તુઓના વિસ્તારનો વિષય કરનાર આપના અનંતજ્ઞાનની સ્તુતિ કરે છે, તે પોતાને પેલા કૂપમંડુક (કુવામાં રહેનાર દેડકા) સમાન પ્રગટ કરે છે જે કૂવામાં રહેવા છતાં પણ સમુદ્રના વિસ્તારાદિ બતાવે છે. ૧૩૨૩.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ઋષભસ્તોત્ર, શ્લોક–૪)*

✻ હે શૂન્ય હૃદય! તરાજૂકા પલડાકી તરહ બહુત અધિક પદાર્થોંકો ગ્રહણ કરતે હુએ યહ જીવ નીચેકો અર્થાત્ નરક નિગોદ આદિ ગતિકો ચલા જાતા હૈ ઔર જહાં પદાર્થોંકો ત્યાગ દિયા જાતા હૈ તબ ભારસે હલકા હોકર ઉપરકો અર્થાત્ સ્વર્ગ યા મોક્ષકો ચલા જાતા હૈ. ઈસલિએ પાપબંધકા કારણ પરિગ્રહકો મન, વચન, કાય તીનોંસે ત્યાગ દે. ૧૩૨૪. *(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૯૨)*

✻ જે ઈન્દ્રિયોથી પ્રાપ્ત થાય છે તે સુખ પરના સંબંધવાળું, બાધા સહિત, વિચ્છિન્ન, બંધનું કારણ અને વિષમ છે; એ રીતે તે દુઃખ જ છે. ૧૩૨૫.

(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા–૭૬)

✻ જેણે સર્વ શક્તિઓ સમેટી છે (–પોતામાં લીન કરી છે) એવા પૂર્ણ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ છોડવાયોગ્ય બધું છોડ્યું અને ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું. ૧૩૨૬. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૨૩૬)*

✻ અંતરંગદષ્ટિથી જોતાં કષાયોને અને કર્મોને પરસ્પરમાં નિમિત્ત-નૈમિત્તિકભાવ છે પરંતુ જીવ અને કર્મોને પરસ્પરમાં નિમિત્ત-નૈમિત્તિકભાવ નથી. ૧૩૨૭. *(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, દ્રવ્યવિશે, અધિકાર, શ્લોક-૧૦૬૯)*

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ–૭
અંક–૬

સંવત
૨૦૬૯
February
A.D. 2013

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# શુદ્ધાત્માની પ્રસિદ્ધિની વિધિ

(પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર (૧૫મી વાર) ઉપરના પ્રવચનો)

(સળંગ પ્રવચન નં. ૧, ઉત્તરાર્ધ, ગતાંકથી ચાલુ)

શ્રી અમૃતચંદ્રઆચાર્યદેવ મંગળ અર્થે આ શ્લોકમાં ઈષ્ટદેવને નમસ્કાર કરે છે.

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ।।१।।

**શ્લોકાર્થ** :–(नमः समयसाराय) 'સમય' અર્થાત્ જીવ નામનો પદાર્થ, તેમાં સાર—જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત શુદ્ધ આત્મા, તેને મારો નમસ્કાર હો. તે કેવો છે? (भावाय) શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. આ વિશેષણથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો. વળી તે કેવો છે? (चित्स्वभावाय) જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે. આ વિશેષણથી ગુણ–ગુણીનો સર્વથા ભેદ માનનાર નૈયાયિકનો નિષેધ થયો. વળી તે કેવો છે? (स्वानुभूत्या चकासते) પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે, અર્થાત્ પોતાને પોતાથી જ જાણે છે—પ્રગટ કરે છે. આ વિશેષણથી, આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર જૈમિનીય–ભટ્ટ–પ્રભાકર ભેદવાળા મીમાંસકોના મતનો વ્યવચ્છેદ થયો; તેમ જ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું—એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતિષેધ થયો. વળી તે કેવો છે? (सर्वभावान्तरच्छिदे) પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્રકાળસંબંધી, સર્વ વિશેષણો સહિત, એક જ સમયે જાણનારો છે. આ વિશેષણથી, સર્વજ્ઞનો અભાવ માનનાર મીમાંસક આદિનું નિરાકરણ થયું. આ પ્રકારના વિશેષણો (ગુણો)થી શુદ્ધ આત્માને જ ઈષ્ટદેવ સિદ્ધ કરીને તેને નમસ્કાર કર્યો છે.

પરમ અધ્યાત્મ તરંગિણીમાં સમયસારના આઠ અર્થ કર્યા છે. સમ+અય+સાર=સમયસાર; તેમાં સમ્યક્ એટલે દર્શન, અય એટલે જ્ઞાન અને સાર

એટલે ચારિત્ર એમ એક અર્થ કર્યો છે. પાંચ પરમેષ્ઠીને સમયસારના પાંચ અર્થમાં લીધા છે. એક સામાન્ય શબ્દ પ્રમાણે અર્થ કર્યો છે. વળી કહે છે કે અર્થ તો હજુ ઘણાં થઈ શકે પણ વિસ્તારભયને કારણે કર્યા નથી.

અહો! સંતોના મુખમાંથી નીકળેલા એક શબ્દમાં અનંત આગમ સમાય છે જે આનંદસ્વરૂપે પરિણમી ગયા તેની વાણીનું શું કહેવું! તેમાંય ચારિત્રનો આનંદ તો પ્રચુર સ્વસંવેદન છે, તે આનંદના ઝૂલામાં ઝૂલતાં ભગવાનની વાણીની શી વાત! ભગવાન અમૃતચંદ્રઆચાર્યદેવે એકલાં અમૃત રેડ્યા છે. તેથી ટીકાનું નામ 'આત્મખ્યાતિ' રાખ્યું છે. ભગવાન આત્મા જેવો છે તેવો શ્રદ્ધામાં લેવો, જ્ઞાનમાં લેવો અને તેમાં સ્થિરતા કરવી તે તેની પ્રસિદ્ધિ છે. આચાર્યદેવે એવી પ્રસિદ્ધિ કરી છે માટે ટીકાનું નામ 'આત્મખ્યાતિ' છે.

જુઓ! આ સમયસારની શરૂઆત થાય છે. આ તો સર્વજ્ઞદેવ વીતરાગ પરમાત્મદેવની વાણીમાં જે આત્મા આવ્યો છે તે આત્માને સંતોએ આ શાસ્ત્રમાં પ્રગટ કર્યો છે. તેમાં પ્રથમ માંગલિકનો આ મહાશ્લોક છે. નમઃ સમયસારાય। દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ જે શરીર, વાણી, મન આદિ તેનાથી જે રહિત છે એવા શુદ્ધાત્માને હું નમું છું કેમ કે મને આવા આત્માનો આદર છે તેથી તેમાં મારું નમન છે. હું પુણ્ય-પાપ કે શરીર આદિને નમતો નથી. આદર દેતો નથી.

ભગવાન આત્મા ચૈતન્યનું પૂર છે, આનંદનો ઘન છે અને જડકર્મો તો અજીવતત્ત્વ છે, તેનાથી આ ભગવાન નિરાળો છે. જીવને જડકર્મો હોય એટલે કે શું જીવને અજીવ હોય? નિમિત્તથી કથન થાય પણ જીવને અજીવ કેમ હોય? જીવમાં અજીવ ન હોય અને અજીવમાં જીવ ન હોય. નોકર્મ પણ અજીવ છે તે જીવમાં કેમ હોય? જીવના કેમ થાય? ત્રણ કાળ ત્રણ લોકમાં અજીવ છે તે જીવના થતાં નથી. હવે રહ્યા શુભાશુભભાવ. તે તો આસ્રવતત્ત્વ છે તે જીવતત્ત્વમાં ક્યાંથી હોય? અણાસ્રવી તત્ત્વને આસ્રવતત્ત્વવાળો કહેવો તે માત્ર નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. વસ્તુમાં આસ્રવ નથી. સમજાય છે આ!

ભગવાને આત્માને કેવો જોયો છે? શરીર તે આત્મા એમ જોયું છે? કર્મને આત્મા તરીકે જોયા છે? પુણ્ય-પાપ ભાવ તે આત્મા એમ જોયું છે? અરે! ભગવાને આ બધાથી આત્માને રહિત જોયો છે એમ તું પણ જો! એમ કહ્યું છે. એકલા અવિકારી રસનું આખું તત્ત્વ તે આત્મા છે. અવિકારી તત્ત્વને વિકારવાળું કહ્યું તે માત્ર વર્તમાન નિમિત્ત સાથે સંબંધનું જ્ઞાન

પોતે જ પરમેશ્વર છે. બીજા પરમેશ્વર ક્યા હતા!...પોતે જ પોતાનો પરમેશ્વર છે.
–પૂજ્ય ગુરુદેવશ્રી

કરાવવા માટે છે. ખરેખર દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત તે જ આત્મા છે.

''પ્રભુ તુમ જાણગરીતી, સહુ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ, સહુને પેખતા હો લાલ.''

હે સર્વજ્ઞ વીતરાગ પરમદેવ! આપ આખા જગતને જ્ઞાનમાં જાણો છો અને પ્રભુ! આપની જાણવાની રીત જ એવી છે કે બધા જીવોની સત્તાને આપ શુદ્ધ જુઓ છો. પણ એને પોતાની સત્તાનો ભરોંસો નથી. એને તો શરીરવાળો ને રાગવાળો ને દોષવાળો આત્માનો ભરોંસો આવે છે. અરે પણ, તારા ભગવાનને દોષવાળો કહ્યો એ વ્યવહારનું જ્ઞાન કરાવવા માટે છે. દોષવાળો આત્મા તો વ્યવહારનયનો વિષય છે. વસ્તુ તરીકે તો આત્મા શુદ્ધાત્મા છે. તેને જેણે પ્રગટ કર્યો છે એવા પરમાત્માને મારા નમસ્કાર હો એમ અહીં કહે છે. નમો મહાવીરાય કે એવું નામ ન લીધું પણ શુદ્ધાત્મા—સમયસાર કે અનંત ગુણનો પિંડ છે, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે તેને મારો નમસ્કાર હો.

ભાવાય એટલે પદાર્થ—સમયસારને મારો નમસ્કાર એટલે કે જે પૂર્ણાનંદને પામ્યા છે એવા પૂર્ણાનંદના નાથ જેવા છે એવો જ હું છું. માટે હું મારા આત્માને પણ નમું છું. મને દોષનો આદર નથી. જીવને અજીવનો આદર કે આસ્રવનો આદર એ તો ભ્રમ છે, ભગવાન આત્માનું શદ્ધ સ્વરૂપ જે જડકર્મ અને ભાવકર્મથી રહિત છે તેને જ હું નમું છું. શુદ્ધસ્વરૂપ જ મને ઉપાદેય છે, તેનો જ મને આદર છે. માટે તેને હું નમું છું એમ કહેવાય છે.

જુઓ! આ શ્લોકમાં એકલી અસ્તિ લેશે. અજીવની કે આસ્રવ-બંધની વાત નહીં કરે. ફક્ત આત્મા, તેની પૂર્ણદશા અને સ્વાનુભૂતિની ક્રિયાથી તે પ્રકાશે છે એ વાત જ માંગલિકમાં કરશે.

ભાવાય એટલે આત્મા શુદ્ધ સત્તા સ્વરૂપ વસ્તુ છે. આ વિશેષણથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો. આ આત્મા કે પરમાત્માનો પરની અપેક્ષાએ અભાવ છે પણ પોતાની અપેક્ષાએ સદ્ભાવ છે, અભાવ નથી માટે સર્વથા વસ્તુનો અભાવ માનનારની વાતનું આમાં ખંડન થાય છે.

હવે આ ભાવાય એટલે પદાર્થનો સ્વભાવ શું છે તે કહે છે. ચિત્સ્વભાવાય એટલે જ્ઞાન અને દર્શન એ જીવનો ત્રિકાળ સ્વભાવ છે. એ જ જીવનું સર્વસ્વ છે. પૈસાવાળાને પૈસા

તારે મુક્તિનું પ્રયોજન હોય તો પહેલાં આમ નક્કી કર! નિર્ણય કર! કે—''હું જ પરમાત્મા છું.''
—પૂજ્ય ગુરુદેવશ્રી

સર્વસ્વ લાગે છે ને! અહીં કહે છે કે આત્માને પોતાનો જ્ઞાન-દર્શન સ્વભાવ જ સર્વસ્વ છે. પૈસા તો જીવથી જુદું તત્ત્વ છે તેના વગર મારે ન ચાલે એમ અજ્ઞાનમાં એણે માન્યું છે પણ જીવનું જીવન તેના વગર જ ચાલે છે, કારણ કે એક તત્ત્વ પોતાનાથી છે અને અનંત અન્ય પદાર્થથી નથી. માટે પર વગર જ એ તત્ત્વ ટકી રહ્યું છે.

૧૦ની સાલમાં બોટાદમાં હરજીવનભાઈએ વાત બહુ ચર્ચી હતી કે મહારાજ! પૈસા વગર કાંઈ ચાલે! હા. આ આંગળી બાજુની આંગળી વિના ટકી રહી છે. એક આંગળીમાં બીજી આંગળી નથી. એટલે બીજી આંગળીના આધાર વિના જ એ ટકી રહી છે. બીજીની નાસ્તિથી એ ટકી રહી છે. તેમ આ ભગવાન આત્મા, પર અનંત દ્રવ્યોના અભાવપૂર્વક ટકી રહ્યો છે. પર વિના—પરના અભાવસ્વરૂપે ટકી રહ્યો છે. માટે, મારે પર વિના ન ચાલે એવી એની માન્યતા ખોટી છે.

પૈસા વિના જ જીવે ચલાવ્યું છે એટલું જ નહિ, શરીર વિના અને રાગ વિના જ જીવે ચલાવ્યું છે. શરીર અને રાગ જીવમાં છે જ નહિ. નિર્વિકારી પૂર્ણાનંદ ભગવાનમાં વિકારનો અભાવ છે. તેથી વિકાર વિના જ એણે ચલાવ્યું છે પણ એની માન્યતા એમ છે કે 'મારે વિકાર વિના ન ચાલે' એ એનો ભ્રમ છે.

સમજાય છે આમાં?—બીજી ચીજનો સ્વતત્ત્વમાં અભાવ છે અને એ અભાવપૂર્વક જ પોતાની ચીજ એણે જાળવી રાખી છે. પણ આના વિના મારે ન ચાલે એવી માન્યતા વિના એણે ચલાવ્યું નથી. હવે જ્યાં માન્યતા ફરી ગઈ તો વસ્તુ તો જેમ છે તેમ જ છે. હું તો મારાથી જ છું, પર વિના જ મારું જીવન ટકેલું છે, હું કર્મ વિના અને આસ્રવ વિના જ રહ્યો છું એવી માન્યતા થઈ એનું જીવન સમ્યગ્દર્શન સહિત ચાલે છે, પર વિના મારે ન ચાલે એમ નહીં.

અરે! અજ્ઞાનીને એવું ભૂત વળગ્યું છે કે મારે કાંઈ પૈસા વિના ચાલે! સ્ત્રી વિના ચાલે! દેશ વિના ચાલે! અરે બધા વિના જ તારું જીવન ચાલે છે. ન શું ચાલે? સમજ તો ખરો!

જીવનું સર્વસ્વ ચેતનાગુણસ્વરૂપ છે. આસ્રવ અને પર ખરેખર એનામાં નથી. આસ્રવ એ આત્માનો ગુણ તો નથી જ પણ પર્યાય પણ ખરેખર તેની નથી કારણ કે ગુણની જે નિર્મળ પર્યાય થાય એ ખરેખર એની પર્યાય કહેવાય. ભાઈ! આત્મા એટલે શું? દ્રવ્યકર્મ અને નોકર્મનું અજીવપણું અને ભાવકર્મનું મળપણું એનાથી આત્મા રહિતપણે રહેલો છે. ભગવાન આત્માનું સ્વરૂપ જ એવું છે. તેમાં 'આ જ આત્મા હું' એમ અંતરમાં નમી જવું

સિદ્ધ છે તે જાણનાર–દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા પૂરાનો પ્રશ્ન જ નથી. —**પૂજ્ય ગુરુદેવશ્રી**

તે સમયસારને નમસ્કાર છે; ત્યાં રાગનો ને નોકર્મનો આદર નથી. તેનું જ્ઞાન ભલે હો પણ આદર નથી. સમજાણું કાંઈ!

જુઓ! આ સમયસારની ટીકા કરતાં ટીકાકાર પ્રથમ માંગલિક કરે છે. કુંદકુંદાચાર્ય પછી ગાથા દ્વારા કરશે પણ પહેલાં અમૃતચંદ્ર આચાર્ય ઉલ્લસિત વીર્યથી પ્રથમ માંગલિક કરે છે. જ્ઞાન-દર્શન જ આત્માનો સ્વભાવ છે. કોઈનું કરવું એ આત્માનું કાર્ય નહીં. પોતાના જ્ઞાનની મોજુદગીમાં સ્વને અને પરને જાણે એવો તેનો ચિત્‌સ્વભાવ છે. ચિત્‌સ્વભાવમાં પરનું કે રાગનું કરવું આવે જ નહિ, માત્ર જાણવું–દેખવું જ આવે.

કોઈપણ વસ્તુ હોય તે સ્વભાવ વિના ન હોય. પુદ્‌ગલનો સ્વભાવ જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે તેમ જીવનો સ્વભાવ શું? કે–'ચિત્સ્વભાવ'. આ ગુણ જ્યારે પર્યાયમાં વ્યાપે ત્યારે તેને સ્વાનુભૂતિની ક્રિયા થઈ કહેવાશે. ચિત્સ્વભાવ એ ગુણ છે અને આત્મા ગુણી છે. તેને નામભેદથી ભેદ છે, લક્ષણભેદથી ભેદ છે પણ સર્વથા ભેદ નથી. અસંખ્યાતપ્રદેશ ગુણી અને ગુણના એક જ છે–અભેદ છે. તેથી કહ્યું કે સર્વથા ગુણ-ગુણીમાં ભેદ માનનારના મતનું આમાં ખંડન થાય છે.

હવે કહે છે કે આવો આત્મા પ્રસિદ્ધ કેવી રીતે થાય? તો કહે છે કે તેની પ્રસિદ્ધિ પર્યાયથી થાય છે. ગુણથી ગુણની પ્રસિદ્ધિ ન થાય પણ તેની પર્યાયથી ગુણ અને ગુણીની પ્રસિદ્ધિ થાય છે.

ભગવાન આત્મા તેના જ્ઞાન-દર્શનની અનુભવનરૂપ ક્રિયાથી જણાય છે એટલે કે પ્રસિદ્ધ થાય છે. 'ભાવાય'નો અર્થ દ્રવ્ય કર્યો, ચિત્તસ્વભાવનો અર્થ ગુણ કર્યો અને તેની અનુભવનરૂપ ક્રિયા તે સંવર-નિર્જરા તત્ત્વ છે એમ કહ્યું. પરથી ખસી, પોતાના ચૈતન્યસ્વભાવનું અનુભવવું, શ્રદ્ધાનું થવું, આનંદનું થવું તેનાથી આત્મા પ્રકાશે છે. રાગ વડે કે શરીર આદિ સંયોગ વડે આત્મા પ્રકાશતો નથી. રાગાદિ આસ્રવથી ખસી જે પર્યાયે આત્માનો આશ્રય લીધો તે પર્યાયને શાસ્ત્રમાં સંવર-નિર્જરા કહી છે, તેમાં આત્મા પ્રસિદ્ધ થાય છે. શુદ્ધપર્યાયમાં 'આ આત્મા છે' એમ અનુભૂતિથી પ્રસિદ્ધ થાય છે.

આત્માનો ભરોંસો–પ્રતીત અને આત્મખ્યાતિ કેમ થાય? કે જ્ઞાનાનંદ સ્વભાવની–સ્વની અનુભૂતિથી તેની પ્રતીતિ થાય છે એમ અસ્તિથી વાત લીધી છે. પરની અને વિકારની નાસ્તિથી આત્માની પ્રસિદ્ધિ થાય એમ વાત લીધી નથી. સંવર-નિર્જરાથી

અરે જીવો! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો તેને તમે ઊણો કે હીણો ન માનો. અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો! –પૂજ્ય ગુરુદેવશ્રી

આત્માની પ્રસિદ્ધિ થાય એવો અસ્તિભાવ લીધો છે, આસ્રવ અને બંધની નાસ્તિથી આત્માની પ્રસિદ્ધિ થાય—એવો નાસ્તિભાવ અહીં લીધો નથી કેમ કે અસ્તિત્વનું જ જોર દેવું છે. અસ્તિ મહાપદાર્થના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે.

૧૧મી ગાથામાં 'ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે' એમ કહ્યું છે તે જૈનદર્શનના પ્રાણ છે. 'આશ્રય દ્રવ્યનો અને પ્રગટ થાય છે સ્વાનુભૂતિ', તેમાં આત્મા પ્રસિદ્ધ થાય છે. પ્રભુતાની પર્યાય દ્વારા પ્રભુ પ્રસિદ્ધ થાય તેવો છે. રાંક એવા રાગથી પ્રભુ પ્રસિદ્ધ ન થાય. વિકલ્પ તો ભિખારા છે, અચેતન છે. પુણ્ય-પાપ તો અંધકાર છે કેમ કે ચૈતન્યના તેજના નૂરના પૂરનો તેમાં અભાવ છે. શરીર તો અચેતન છે જ પણ દયા, દાન, રાગની મંદતા, વ્યવહારરત્નત્રયનો રાગ એ પણ અચેતન છે કેમ કે તેમાં ચૈતન્યપ્રકાશનો અભાવ છે.

સ્વાનુભૂતિની ક્રિયા એ જ આત્માની ક્રિયા છે. જડનું થવું તે જડની ક્રિયા, રાગનું થવું તે વિભાવિક ક્રિયા અને ચૈતન્યસ્વભાવનું થવું તે ચૈતન્યની ક્રિયા—સ્વાનુભૂતિરૂપ ક્રિયા છે. તેમાં સ્વસંવેદનમાં આત્મા પ્રકાશે છે. તે જ વીતરાગમાર્ગની ક્રિયા છે.

શરીરમાં રોગ આવે, ગોળો ચડે ત્યારે લોકો નવકારમંત્ર ગણવા લાગે, મહાવીર...મહાવીર કરે....માથું દુઃખે ત્યાં મને માથું દુઃખે છે, મને માથું દુઃખે છે. અરે! પણ એ તો શરીરની અવસ્થા છે. માથું ક્યાં તારું છે કે તને દુઃખે! તને ભ્રમણા થાય છે કે મને માથું દુખ્યું, મને ગોળો ચડ્યો—વગેરે જડની ક્રિયા જડમાં થાય કે જીવમાં આવી જાય! ભાઈ! તારું સર્વસ્વ તારામાં સમાયેલું છે. તારું ક્યાંય બહારમાં નથી અને શરીરાદિ બહારની અવસ્થા કાંઈ તારામાં નથી. તારે માત્ર દૃષ્ટિ ફેરવવાની છે.

વળી તે કેવો છે? સ્વાનુભૂતિથી પ્રકાશે છે અર્થાત્ પોતાને પોતાથી જ જાણે છે—પ્રગટ કરે છે. પોતાને પોતાની તાકાતથી જ્ઞાન જાણે છે.

જુઓ! આ સમયસારના ટીકાકાર અમૃતચંદ્રાચાર્યદેવનું માંગલિક! પ્રભુ! તું તો મોટો છો ને! તેમાં પામરપણું ક્યાં સમાય? વિકાર, કર્મ ને શરીર બધાં અજીવ છે, ભિખારા છે તેને મારા માન્યા છે એટલે તને પોતાના લાગે છે પણ પ્રભુમાં એ નથી ભાઈ! તને બેસતું નથી કે મારો આત્મા તો ચિત્તસ્વભાવ છે! હું તો સ્વાનુભૂતિથી પ્રકાશું એવો સ્વાધીન છું.

(જુઓ અનુસંધાન પેઈજ નંબર ૧૨ ઉપર)

હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. **—પૂજ્ય ગુરુદેવશ્રી**

# સ્વરૂપમાં એકાગ્રતા : સુગમ છતાં કઠિન

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૬૪, પૂર્વાર્ધ)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૩૭ ગાથામાં યોગીન્દુદેવ ધ્યાનની કઠિનતા બતાવે છે એટલે કે આત્માના સ્વભાવનું ભાન થઈને, તેની રુચિ થવી અને તેમાં એકાગ્રતા થવી તેમાં મહાન પુરુષાર્થ છે માટે તેને કઠણ કહ્યું છે.

અનાદિથી પોતાના શુદ્ધ આનંદસ્વરૂપને ભૂલી, પરપદાર્થ અને તેના સંગે ઉત્પન્ન થયેલાં ભાવોમાં એકાગ્રતારૂપ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન તો અનંતકાળથી કરતો આવ્યો છે પણ પોતાના સ્વભાવનું ભાન નથી તેથી મારામાં શુદ્ધ આનંદ જ ભરેલો છે એવી રુચિ થતી નથી. રુચિ થાય તો વીર્ય ત્યાં કામ કરે. તેથી કહે છે કે આત્માના સ્વરૂપના ભાન વગર તેની રુચિ અને તેનું ધ્યાન થવું કઠણ છે.

जोइय विसमी जोय-गइ मणु संठवण ण जाइ।
इंदिय-विसय जि सुखडा तित्थु जि वलि वलि जाइ।।१३७।।

અર્થ :—હે યોગી! ધ્યાનની ગતિ મહાવિષમ છે કેમ કે ચિત્તરૂપી વાંદરો ચપળ હોવાથી નિજ શુદ્ધાત્મામાં સ્થિરતાને પ્રાપ્ત થતો નથી કેમ કે તેણે ઇન્દ્રિયના વિષયોમાં જ સુખ માની રાખ્યું છે માટે તે વિષયોમાં જ વારંવાર જાય છે.

અહીં, આત્માના મૂળ શુદ્ધ સ્વભાવમાં જોડાણ કરનાર આત્માને સંબોધીને વાત કરી છે કે હે યોગી! વસ્તુ આત્મા અરૂપી પણ મહાન પદાર્થ છે, તે શરીર દ્વારા જણાય તેમ નથી, વિકલ્પ દ્વારા પણ જણાય તેમ નથી માટે શરીર અને વિકલ્પનું લક્ષ છોડીને તેં વસ્તુસ્વરૂપમાં દૃષ્ટિ સ્થાપી છે છતાં હે યોગી! સ્વરૂપમાં એકાગ્રતારૂપ ધ્યાન વિષમ છે પણ અશક્ય નથી.

જગતના પદાર્થોનું માહાત્મ્ય ઊડી જવું, સ્વરૂપનું માહાત્મ્ય આવવું અને તેમાં થંભી જવું...એ મહાદુર્લભ છે. અજ્ઞાનદશામાં તો કદી એવો અભ્યાસ કર્યો નથી તેથી સ્વરૂપમાં ગતિ થવી દુર્લભ છે. ચિત્તરૂપી વાંદરાની ગતિ બહારના વિષયોમાં અનુકૂળતામાં જ દોડી જાય છે.

અહો! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

ધ્યાન કરવા બેસે ત્યાં શરીરની બેઠકમાં, આસનમાં પ્રતિકૂળતા થાય તેમાં ધ્યાન ચાલ્યું જાય છે એ પણ એક વિષય છે. સ્પર્શનો એ વિષય છે. આત્મામાં શૂરતા લગાવીને સ્થિર થવું બહુ દુર્લભ છે. વિષય કહેતાં ભોગની લાગણી ભલે ન હોય પણ સ્પર્શ આદિની અનુકૂળતામાં એનું લક્ષ ચાલ્યું જાય છે. આમ હોય તો ઠીક, આમ હોય તો અઠીક...એમ એની બુદ્ધિ અનાદિથી ચાલી રહી છે. સ્પર્શના વિષયમાં ઠીક-અઠીકની બુદ્ધિ છે, સ્પર્શ-રસ આદિમાં અનુકૂળતા માની છે તેથી ભગવાન આત્મામાં રુચિ થઈને તેની સ્થિરતામાં એની ગતિ થતી નથી અને વારંવાર વિષયો તરફ મન જાય છે.

શરીર અને વિષયો છે પણ તેને તો એની ખબર નથી. ખબર તો આત્માની સત્તામાં આત્માને બધી ખબર પડે છે પણ પોતાની સત્તાની ઓળખાણ અને મહિમા નથી અને શરીર તથા વિષયોની જ મહિમા છે કે જે પોતે પોતાને પણ જાણતા નથી, આત્માને પણ જાણતા નથી તેની અજ્ઞાનીને મહિમા અને રુચિ છે તેથી વારંવાર તેમાં જ લક્ષ ગયા કરે છે.

ભાવાર્થ :—વીતરાગ પરમ આનંદ સમરસી ભાવરૂપ અતીન્દ્રિય સુખથી રહિત જે આ સંસારીજીવ છે તેનું મન અનાદિકાળની અવિદ્યાની વાસનામાં વસી રહ્યું છે. તેથી પાંચ ઇન્દ્રિયના વિષય-સુખમાં આસક્ત છે. આ જગતના જીવોનું મન વારંવાર વિષય-સુખોમાં જાય છે પણ નિજસ્વરૂપમાં લાગતું નથી માટે ધ્યાનની ગતિ વિષમ છે—કઠીન છે.

વીતરાગ એટલે ઇચ્છા વિનાનો, પરમ આનંદ એટલે મહા આહ્લાદરૂપ આનંદ, સમરસી એટલે સમતાનો સાગર એવા ભાવરૂપ અતીન્દ્રિયસુખ એ આત્માનું સ્વરૂપ છે પણ એ મહાન અતીન્દ્રિય વીતરાગ આનંદસ્વરૂપના ભાન વિનાના તેના લક્ષ વિનાના તેના ધ્યેય વિનાના જે જીવો છે તે સંસારીજીવો છે. જુઓ! સંસારીજીવની વ્યાખ્યા યોગીન્દુદેવે આવી કરી! બાયડી છોકરાવાળા તે સંસારી—એમ ન કહ્યું. જેમાં સંસારનો અભાવ છે, જે પરમાનંદ સમરસીસ્વરૂપ છે તેનું જેની દૃષ્ટિમાં રહિતપણું છે, જેના ભાવમાં તે ભાવનું રહિતપણું છે તે સંસારી છે.

આ તો પરમાત્મપ્રકાશ છે ને! બહુ ટૂંકી ભાષામાં મહાન તત્ત્વને સમજાવે છે કે ભાઈ! તું પ્રભુ પોતે વીતરાગી સમરસીસ્વરૂપ છો. દુનિયા એના શરીરને બાળી મૂકે તોપણ વિકલ્પ ન ઊઠે એવું એનું સ્વરૂપ છે. આત્મા સમરસથી ઓતપ્રોત છે. વીતરાગ નિર્વિકલ્પ આનંદથી તન્મય છે એવા પદાર્થના ભાનથી જે રહિત છે તે સંસારીજીવ છે તે ભલે ત્યાગી થઈને બેઠો હોય તોપણ સંસારી છે.

ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું...જ્ઞાયક છું એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે.
**—પૂજ્ય ગુરુદેવશ્રી**

ભગવાન આત્મા સંસારના ભાવ વિનાનું તત્ત્વ છે એટલે કે પરમાનંદ સમરસીભાવમય પદાર્થ છે, તેની સન્મુખતાની રુચિનો જેનો અભાવ છે તે બધા જીવો સંસારી છે. ભલે તે જીવ ઘણા શુભભાવવાળા હોય તોપણ સંસારી જ છે કેમ કે ભગવાન આત્મા તેની દૃષ્ટિમાં નથી. પરમાત્મસ્વરૂપની રુચિથી રહિત જે ભાવ તે સંસાર છે. 'સંસરણમ્ ઇતિ સંસાર' એમ આવે છે ને! નિજસ્વરૂપથી ખસી જવું અને રાગમાં એકાકાર થઈ જવું તેનું નામ સંસાર છે. સ્વરૂપની દૃષ્ટિ વિના, ત્યાગ લઈ લે, માથાનો વાળ લોંચ કરી નાંખે તેથી કાંઈ તે સંસારનો ત્યાગી થઈ જતો નથી. પોતાના પરમાત્મસ્વરૂપમાં જેની રુચિની ગતિ નથી તેની રુચિની ગતિ રાગ ઉપર જ જાય છે તે જ બસ, સંસાર છે. પછી તે ભલે નવમી ગ્રૈવેઈક જનાર સાધુ હો કે એકેન્દ્રિયમાં પડેલો નિગોદનો જીવ હો, તે સંસારીની જાતમાં કાંઈ ફેર નથી.

સંસારીજીવનું મન અનાદિકાળની અવિદ્યાની વાસનામાં જ વસી રહ્યું છે, તેને મારો સ્વભાવ શું છે તેની ગંધ પણ નથી, તે તો મિથ્યાજ્ઞાનની ગંધમાં જ પડેલાં છે તેથી પંચેન્દ્રિયના વિષયસુખોમાં આસક્ત છે. પાંચ ઇન્દ્રિયના વિષયમાં સ્ત્રી, પૈસા, આબરૂ આદિનો પ્રેમ છે એ સ્થૂળ વિષય જ માત્ર ન લેવાં, સ્વ તરફની રુચિ છોડીને જેટલું પર તરફ રુચિનું વલણ છે તે બધું વિષયમાં જ જાય છે. સ્વ વિષય સિવાય બધાં પરજ્ઞેય છે એટલે સ્વ તરફ પડખું ન ફરતાં બહારમાં કોઈ પણ વિષય ઉપર રુચિનું વલણ જાય છે તે પાંચ ઇન્દ્રિયના વિષય તરફનું શુભાશુભ વલણ છે, આત્મા ઉપર તેનું વલણ નથી. પંચાસ્તિકાયમાં આચાર્યદેવે કહ્યું છે ને! અમારી ભક્તિ કરવાથી પણ મુક્તિ ન માન! એકલી ભક્તિ અને એકલા બહારના તત્ત્વની રુચિનો વિકલ્પ એ પણ આત્માને લાભકારી નથી.

વાત એવી છે કે એક તરફ ભગવાન આત્મા રામ છે અને બીજી તરફ આખું ગામ છે. રામની રુચિ છે તેને ગામની રુચિ નથી અને ગામની રુચિ છે તેને રામની રુચિ નથી. જગતના જીવોનું મન વારંવાર વિષયસુખમાં જાય છે. આત્માના આનંદથી ખસેલા છે તેથી તેની રુચિનો ઝુકાવ વારંવાર પરના લક્ષમાં જ ગયા કરે છે પણ નિજસ્વરૂપમાં મન લાગતું નથી. આત્મામાં ગોઠતું નથી.

આનંદઘનજીએ સંભવદેવની સ્તુતિમાં કહ્યું છે કે પ્રભુ! અમારા પરિણામમાં ચંચળતા થાય છે એનો અર્થ એવો છે કે અમને સ્વભાવનો ભય લાગે છે. 'ભય, ચંચળતા

'જે જિનેન્દ્ર છે તે જ હું છું.' અલ્પજ્ઞ અને રાગ–દ્વેષ અવસ્થામાં હોવા છતાં હું પૂર્ણ અખંડ વીતરાગ છું, ભગવાન જ છું—એવી નિર્ભ્રાંત શ્રદ્ધા કરવી તેમાં ઘણો ઉગ્ર પુરુષાર્થ જોઈએ.–**પૂજ્ય ગુરુદેવશ્રી**

પરિણામની, દ્વેષ અરોચકભાવ...' પૂર્ણાનંદ રુચતો નથી અને રાગ રુચે છે એટલો આત્મા પ્રત્યે દ્વેષ છે.

અહા! શુદ્ધ અનાકુળ સમરસી વીતરાગ તત્ત્વ જેને રુચતું નથી અને મંદ—શુભ વિકલ્પ પણ જો રુચે છે તો એને આત્મા પ્રત્યે ક્રોધ વર્તે છે એટલે કે દ્વેષ વર્તે છે એટલે કે અણગમો વર્તે છે એટલે કે આત્માનો એ દુશ્મન છે. 'શુદ્ધ પ્રવૃત્તિ કરતાં થાકીએ' પ્રભુ! અંદરમાં એકાગ્રતા કરવા જતાં જાણે ખેદ થાય છે, થાક લાગી જાય છે. બીજા કામમાં પાંચ-દશ કલાક રોકાવું હોય તોપણ થાક ન લાગે અને આત્માની વિચારધારામાં પરસેવો ઊતરી જાય છે, મુંજવણ થાય છે...આ બધાનું કારણ એક જ છે કે આત્માના વાસ્તવિક તત્ત્વના બોધનો અભાવ હોય છે. એક સમયમાં 'આખો પરમાનંદ સ્વભાવ' ભર્યો છે તેના સમ્યક્‌બોધનો અભાવ છે એ જ બધા દોષોનું મૂળ છે.

મન વારંવાર વિષય-સુખોમાં જાય છે પણ નિજસ્વરૂપમાં મન લાગતું નથી. તેથી ધ્યાનની ગતિ વિષમ છે—કઠીન છે. અશક્ય તો નથી પણ એ તરફ રુચિનું વલણ નથી તેથી કઠણ લાગે છે.

સમાધિશતકમાં એવો શ્લોક આવે છે કે મન વિષયોમાં જાય તોપણ ત્યાં તત્પર ન થવું જોઈએ. સમાધિશતક બહુ સરસ છે. બહુ સરસ. પરમાત્મપ્રકાશ, સમાધિ-શતક, સમયસાર, પ્રવચનસાર આ બધાં ધુરંધર સંતોએ લખેલાં શાસ્ત્રો છે. તેમાં પરમાત્માને ખડો કર્યો છે. આ બધા ગ્રંથોની ગાથાઓ ગુજરાતીમાં થઈ જાય તો સ્વાધ્યાય બહુ થાય. ઈષ્ટોપદેશ, દ્રવ્યસંગ્રહ આદિ ગ્રંથો અને તેની એક એક ગાથામાં બહુ ભાવો ભરેલાં છે. તેની સ્વાધ્યાય થાય તેમાં અંદરમાં ભગવાન ઘોળાય છે પણ જેને બહારનું ઘોલન ચાલે છે તેને આ ઘોલન કરવું રુચતું નથી. બહારમાં તરહ-તરહનું એટલે ઘણી જાતનું સુખ છે એમ એને લાગે છે ને! એક તરફ સ્ત્રી મીઠું બોલતી હોય, સુવાળા સુવાળા ગાદલા હોય, પંખા ફરતા હોય, જમવા માટે શીખંડ ને પૂરી થતાં હોય, ફરવા માટે લાખ-લાખની મોટરો ઊભી હોય! જાત-જાતનું સુખ છે ને! ધૂળમાંય સુખ નથી, હોળી સળગે છે. એ માને કે હું બધી અનુકૂળતામાં બેઠો છું પણ પરપદાર્થમાં કોઈ બેસી શકતું નથી. પોતે તો રાગમાં બેઠો છે. નિમિત્તથી કથન એમ કરાય કે ગાડીમાં બેઠો છે કે મહેલમાં બેઠો છે પણ પરક્ષેત્રમાં સ્વક્ષેત્રની નાસ્તિ છે. પોતે સ્વક્ષેત્રથી બહાર ગયો જ નથી.

(જુઓ અનુસંધાન પેઈજ નંબર ૧૬ ઉપર)

તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. **—પૂજ્ય ગુરુદેવશ્રી**

# અજ્ઞાની જીવ અનુભવહીન હોવાથી મોક્ષમાર્ગને સાધી શકતો નથી

(પંડિત શ્રી બનારસીદાસજી કૃત પરમાર્થ વચનિકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

"મિથ્યાદ્રષ્ટિ જીવ ન આગમી છે, ન અધ્યાત્મી છે.—કેમ? કારણ કે તે કથનમાત્ર તો ગ્રંથપાઠના બળવડે આગમ—અધ્યાત્મનું સ્વરૂપ ઉપદેશમાત્ર કહે, પરંતુ આગમ—અધ્યાત્મના સ્વરૂપને સમ્યક પ્રકારે જાણે નહીં; તેથી મૂઢજીવ આગમી પણ નથી કે અધ્યાત્મી પણ નથી. યથા—निर्वेदकत्वात् (એટલે તેને તે ભાવનું વેદન નથી.)"

અનુભવ વગરનું જ્ઞાન—જાણપણું તેને ખરેખર જ્ઞાન કહેતા જ નથી. શાસ્ત્રનું જાણપણું ભલે કર્યું, વિકાર અને સ્વભાવ જુદા છે—એમ શાસ્ત્રથી ભલે જાણ્યું પરંતુ જ્યાં સુધી પોતે જાતે અંતર્અનુભવમાં તેવી ભિન્નતા ન અનુભવે ત્યાં સુધી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી એટલે મિથ્યાદ્રષ્ટિને આગમપદ્ધતિ કે અધ્યાત્મપદ્ધતિ બેમાંથી એક્કેયનું જ્ઞાન નથી, તેથી તે નથી તો આગમી કે નથી અધ્યાત્મી.

અજ્ઞાની આગમ—અધ્યાત્મનો જાણનાર કેમ નથી?—તો કહ્યું કે તે નિર્વેદક છે માટે; એટલે કે શાસ્ત્રાદિથી જેવું જાણપણું છે તેવું વેદન તે કરતો નથી; 'આત્માનો શુદ્ધ સ્વભાવ છે ને બંધભાવ તેનાથી ભિન્ન છે'—એમ શાસ્ત્રથી જાણે છે પણ પોતે પોતાના જ્ઞાનમાં તેવા બંધરહિત શુદ્ધ સ્વભાવનું વેદન કરતો નથી તેથી તે નિર્વેદક છે. અનુભવ વગરનું જ્ઞાન સમ્યક્ નથી. એકલું જાણપણું અનુભવ વગરનું શું કામનું?—જોકે સૂક્ષ્મ દ્રષ્ટિએ તો તેનું જાણપણું પણ ભૂલવાળું છે. સ્વસંવેદનરૂપ ભેદજ્ઞાન વગર સાચું જ્ઞાન હોય નહિ. જ્ઞાનીને કદાચ ભાષા ન હોય—શાસ્ત્રપાઠ ન હોય તોપણ અંદર અનુભવમાં સાચા ભાવભાસનથી તેને સમ્યગ્જ્ઞાન પરિણમી રહ્યું છે ને તે મોક્ષમાર્ગને સાધે છે. અજ્ઞાનીને શાસ્ત્રજ્ઞાન ભલે કદાચ હોય પણ અનુભવમાં જીવાદિ તત્ત્વોનું સાચું ભાવભાસન નથી તેથી તે મોક્ષમાર્ગને સાધવાનું જાણતો નથી; તે તો બંધપદ્ધતિને જ ભ્રમથી મોક્ષનું સાધન માનીને સાધે છે. આ રીતે અજ્ઞાની આગમી કે અધ્યાત્મી નથી.

શ્રોતા :—અજ્ઞાનીને અધ્યાત્મપદ્ધતિ નથી એટલે તેને 'અધ્યાત્મી' ભલે ન કહો,

એક વિકલ્પ ઊઠે છે ત્યાં તો તેને ઓહોહો! થઈ જાય છે. વિકલ્પમાં પોતાનું અસ્તિત્વ અને માહાત્મ્ય ભાસે છે એ જ મિથ્યાત્વ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

પરંતુ આગમપદ્ધતિ એટલે કે વિકાર અને કર્મની પરંપરા તો તે અજ્ઞાનીને ઘણી છે, છતાં તેને 'આગમી' પણ કેમ ન કહ્યો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—મિથ્યાદૃષ્ટિને વિકાર તો છે એટલે કે આગમપદ્ધતિ તો છે—એ ખરું, પણ આગમપદ્ધતિનું જ્ઞાન તેને નથી; વિકારને વિકાર તરીકે તે જાણતો નથી માટે તેને 'આગમી' ન કહ્યો. અહીં 'આગમી' એટલે 'આગમપદ્ધતિવાળો' એવો અર્થ નથી પણ આગમી એટલે 'આગમપદ્ધતિનો જ્ઞાતા' એવો અર્થ થાય છે. અજ્ઞાની આગમપદ્ધતિને પણ ઓળખતો નથી. વિકાર પોતે કરે છે ને કર્મ તેમાં નિમિત્ત છે, તે કર્મ કાંઈ વિકાર કરાવતું નથી; છતાં અજ્ઞાની પોતાના દોષનું ઉત્પાદક પર દ્રવ્યને માને છે. પોતાના ગુણદોષનું ઉત્પાદક પર દ્રવ્યને માનવું તે તો મોટી અનીતિ છે. દરેક વસ્તુ અને તેનાં પરિણામ પરથી નિરપેક્ષ ને પોતાથી સાપેક્ષ છે—એવો અનેકાન્ત છે; આવું વસ્તુસ્વરૂપ સમજે તો પોતાના ગુણ–દોષ પરને લીધે ન માને એટલે એકતાબુદ્ધિથી પરમાં રાગદ્વેષ ન થાય. તે જીવ ભેદજ્ઞાન વડે પરથી પૃથક્ થઈ. પરથી નિરપેક્ષ થઈ સ્વતરફ વળે ને સ્વાપેક્ષપણે એટલે કે સ્વાશ્રય વડે મોક્ષમાર્ગ પ્રગટ કરે. પુદ્ગલના પરિણામ પણ તેના પોતાથી સાપેક્ષ છે ને બીજાથી નિરપેક્ષ છે. જગતના બધા પદાર્થોને અને તેની પર્યાયોને પરમાર્થે સ્વથી સાપેક્ષપણું ને પરથી નિરપેક્ષપણું છે કેમ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી; પર્યાય તે પણ વસ્તુની પોતાની તે પ્રકારની શક્તિ છે, તે પણ ખરેખર પરની અપેક્ષા રાખતી નથી. આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી, માટે તે આગમી પણ નથી ને અધ્યાત્મી પણ નથી ને તે મોક્ષમાર્ગને સાધી શકતો નથી.

આ રીતે, ધર્મી—સમ્યગ્દૃષ્ટિ જીવ આગમ—અધ્યાત્મના જ્ઞાતા છે ને તે મોક્ષમાર્ગને સાધે છે ને અજ્ઞાની જીવ આગમ-અધ્યાત્મના સ્વરૂપને જાણતો નથી તેથી તે મોક્ષમાર્ગને સાધતો નથી. જ્ઞાની અને અજ્ઞાનીની આ વિશેષતા છે. *(ક્રમશઃ)*

---

(શુદ્ધાત્માની પ્રસિદ્ધિ.....અનુસંધાન પેઈજ નંબર ૬થી ચાલુ)

મારું સ્વરૂપ તો સર્વજ્ઞદેવે જોયું છે, જાણ્યું છે અને અનુભવ્યું છે અને કહ્યું છે કે તને પણ એવું જ સ્વરૂપ અનુભવમાં આવે તેવું છે. પોતે જ પોતાને જાણી શકે, નિર્મળ શાંતિ અને જ્ઞાનમાં પોતે પોતાને અનુભવી શકે એવું જ આત્માનું સ્વરૂપ છે.

વિશેષ કહેવાશે. (ક્રમશઃ)❑

પ્રભુ મેરે તૂં સબ બાતે પૂરા, પરકી આશ કહાં કરે પ્રીતમ! યે કૌણ બાતે અધૂરા?

**—પૂજ્ય ગુરુદેવશ્રી**

વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## અકાર્યકારણત્વ શક્તિ

(શ્રી સમયસાર, ૪૭ શક્તિ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(अन्याक्रियमाणान्याकारकैकद्रव्यात्मिका अकार्यकारणत्वशक्तिः)

આ જ્ઞાનસ્વરૂપી આત્મદ્રવ્ય એવું છે કે અન્ય વડે તે કરાયેલું નથી એટલે 'અકાર્ય' છે અને કોઈ અન્યને કરતું નથી એટલે 'અકારણ; છે. આ રીતે જ્ઞાનસ્વભાવી આત્મા અકાર્યકારણપણારૂપ ધર્મથી સહિત છે. જેમ આત્મદ્રવ્ય પરના કાર્યકારણપણા વગરનું છે તેમ તેના સર્વે ગુણો ને પર્યાયો પણ પર સાથેના કાર્યકારણ વગરના છે.

આત્મા પરનું કારણ નથી ને પરનું કાર્ય પણ નથી. આત્માનો સ્વભાવ એવો સ્વાધીન છે કે પરથી કરાતો નથી; વિકલ્પ કર્તા થઈને આત્માના સ્વભાવનું કાર્ય કરે—એવો આત્મા નથી. તેમ જ આત્મા કારણરૂપ થઈને રાગને કરે—એવો પણ તેનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ એવા અકાર્યરૂપ છે કે અન્ય કોઈ કારણોની અપેક્ષા તેને નથી. નિજસ્વભાવ સિવાય અન્ય કોઈ કારણોને તે પોતાના કારણપણે સ્વીકારતો નથી. તેમ જ કર્મ વગેરે અન્ય પદાર્થનું કારણ થાય એવું કારણપણું પણ આત્માના સ્વભાવમાં નથી. ત્રિકાળી સ્વભાવમાં તો નથી ને તે સ્વભાવ તરફ ઝુકેલી નિર્મળ પર્યાયમાં પણ કોઈ પરભાવો સાથે કારણકાર્યપણું નથી. આત્માની કોઈ શક્તિ (ગુણ) પોતે જો વિકારનું કારણ થાય તો તે વિકાર સદા થયા જ કરે પણ એમ નથી. સ્વભાવ તરફ ઝુકતાં તો વિકાર ટળી જાય છે માટે વિકાર તે સ્વભાવનું કાર્ય નથી. તેમ જ વિકારીભાવો (શુભરાગ) કારણ થઈને આત્માના સમ્યગ્દર્શનાદિ કાર્યને કરે એમ પણ નથી. જ્ઞાનાદિ નિજશક્તિથી આત્મા સ્વયં નિર્મળ કાર્યરૂપે પરિણમે છે.

આત્માની એક્કેય શક્તિ એવી નથી કે નિજકાર્ય માટે બીજાનું અવલંબન લ્યે. જ્ઞાન પોતાના કાર્ય માટે બીજાનું અવલંબન લ્યે અથવા તો જ્ઞાન પરિણમીને બીજાનું કાર્ય કરે— એવું અન્ય સાથે કાર્યકારણપણું જ્ઞાનમાં નથી. આત્માની જ્ઞાનશક્તિને જ્ઞાનાવરણકર્મની

હું તે પરમાત્મા ને પરમાત્મા તે હું—આહાહા! એ કબૂલાત કેવા પુરુષાર્થમાં આવે!

—પૂજ્ય ગુરુદેવશ્રી

સાથે ખરેખર કારણકાર્યપણું નથી. આત્માની આવી અકારણકાર્યશક્તિ સર્વગુણોમાં વ્યાપેલી છે એટલે જ્ઞાનની જેમ શ્રદ્ધા, આનંદ વગેરે કોઈ પણ ગુણને કે તેની પર્યાયને પર સાથે કારણકાર્યપણું નથી. શુભ-રાગ કારણ થઈને સમ્યગ્દર્શનાદિ કાર્યને કરી દ્યે એમ બનતું નથી. રાગમાંથી સમ્યગ્દર્શનાદિ કાર્ય આવે તો આત્મા રાગમય થઈ ગયો; કેમ કે કારણ અને કાર્ય જુદી જાતના ન હોય.

આત્માની દરેક શક્તિમાં સ્વયં કારણકાર્યપણું સમાય છે, પર સાથે એનો સંબંધ નથી. આનંદનું કારણ કોણ? કે આત્માની આનંદ શક્તિને જ આનંદનું કારણ છે. જ્ઞાનનું કારણ કોણ? કે જ્ઞાનશક્તિ જ જ્ઞાનનું કારણ છે. એમ અનંત ગુણોમાં પોતપોતાના કાર્યનું કારણ થવાની તાકાત છે. પર સાથે કારણકાર્યપણું નથી. આત્માના અનંતગુણો સદા એકક્ષેત્રે રહેલા છે, ગુણોને ક્ષેત્રભેદ નથી. દ્રવ્ય-ગુણને સદા એકક્ષેત્રપણું છે ને તેની પર્યાય પણ સ્વક્ષેત્રમાં જ વ્યાપક છે. આત્માના આવા દ્રવ્ય-ગુણ કે પર્યાયમાં અન્યનું કારણ-કાર્યપણું જરાપણ નથી. જ્યાં અકારણકાર્યસ્વભાવી આવું દ્રવ્ય દૃષ્ટિમાં લીધું ત્યાં સ્વદ્રવ્યને જ કારણ બનાવીને નિર્મળ પર્યાયરૂપ કાર્ય થાય છે. શ્રદ્ધામાં, જ્ઞાનમાં, ચારિત્રમાં, આનંદમાં બધા ગુણોની નિર્મળ પર્યાયમાં સ્વશક્તિ જ કારણરૂપ છે, બીજું કોઈ કારણ નથી. બીજાને પોતાનું કારણ બનાવે એવું પરાધીનપણું આત્માના સ્વભાવમાં જ નથી. સ્વ-કારણકાર્યની સ્વાધીન પ્રભુતામાં ભગવાન આત્મા બિરાજી રહ્યો છે.

ભગવાન! તારી શાંતિ માટે, સુખ માટે બીજું કોઈ કારણ છે જ નહીં. તારામાં જ તારી શાંતિનું, સુખનું કારણ થવાનો સ્વભાવ છે. શ્રી રામચંદ્રજી જ્યારે લક્ષ્મણના શરીરને ખભે ઉપાડીને ફરતા ને જ્યારે સીતાની શોધમાં વન-જંગલમાં ઘૂમતા, ત્યારે પણ તેઓ આત્માની આવી પ્રભુતાને જાણતા હતા ને તે વખતે રાગ સાથે પોતાના સ્વભાવનું કારણકાર્યપણું સ્વીકારતા ન હતા. તે વખતેય પરના કે રાગના કારણ વગર જ તેમના આત્મામાં સમ્યગ્દર્શનાદિ કાર્ય થતું હતું. જ્ઞાનાદિ નિર્મળભાવોના જ કારણકાર્યપણે તેમનો આત્મા પરિણમતો હતો. એ જ રીતે સીતાજીને પણ વનવાસ વખતે અંદર આવા આત્માનું ભાન હતું. મારા આત્માના જીવન માટે કોઈ અન્ય કારણ નથી, મારા જ્ઞાનને કે મારા સુખને અન્ય સાથે કારણકાર્યપણું નથી; પરની સાથે કારણકાર્ય સંબંધ વગરનો મારો નિરપેક્ષ આત્મા જ મારું શરણ છે; મારા આનંદમાં બીજું કોઈ કારણ થાય તેમ નથી. મારો આનંદ સ્વભાવ જ સ્વયં પરિણમીને આનંદરૂપ કાર્ય કરે છે. દરેક આત્માનો આવો જ

આબાળ–ગોપાળ સૌ ખરેખર જાણનારને જ જાણે છે, પણ એને જાણનારનું જોર દેખાતું નથી.
**–પૂજ્ય ગુરુદેવશ્રી**

સ્વભાવ છે પણ એને જે લક્ષમાં લ્યે તેને તે પર્યાયમાં પ્રગટે છે ને ત્યારે ભગવાન આત્મા પોતાના અનેકાન્ત—વૈભવથી પ્રસિદ્ધ થાય છે.

આત્મામાં નિર્મળ પર્યાયના ઉત્પાદ-વ્યય થાય છે તે તો સ્વભાવ છે, તેમાં કોઈ બીજું કારણ નથી. તેમ જ આત્મા પોતાની પર્યાયવડે કારણ થઈને બીજાના કાર્યને કરે એમ પણ બનતું નથી. આત્માની જ્ઞાનપર્યાયને પોતાની જ્ઞાનશક્તિ સાથે જ કાર્યકારણપણું છે, જ્ઞાનાવરણાદિ પર સાથે તેને કારણકાર્યપણું નથી.

લોકો કહે છે કે કારણને શોધો. પણ ભાઈ! તું કારણને ક્યાં શોધીશ? તારામાં કે પરમાં? પરમાં તો તારું કારણ છે જ નહીં એટલે એમાં શોધવું નકામું છે. તારો સહજસ્વભાવ જ તારા કારણરૂપે પરિણમીને તને કેવળજ્ઞાન આપે એવો છે. પ્રવચનસારમાં આચાર્યદેવ કહે છે કે જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ કેવળજ્ઞાન પ્રગટે છે. નિશ્ચયથી પરની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી. તેથી શુદ્ધ આત્મસ્વભાવની પ્રાપ્તિને માટે સામગ્રી (બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતાથી જીવો નકામા પરતંત્ર થાય છે.

પોતે કારણરૂપ થઈને બીજાનું કાર્ય કરે નહિ એવો 'અકારણ' સ્વભાવ અને બીજાને કારણ તરીકે સ્વીકારીને પોતે તેનું કાર્ય ન થાય એવો 'અકાર્ય' સ્વભાવ; આવો અકારણ—કાર્યસ્વભાવ આત્મામાં ત્રિકાળ છે; તે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપક છે એટલે ત્રિકાળી દ્રવ્ય-ગુણ અન્યથી કરાતા નથી તેમ પર્યાય પણ અન્યથી કરાતી નથી. વાહ! કેટલી સ્વાધીનતા! આત્માને પોતાના ધર્મની પરિણતિ માટે દેહાદિની ક્રિયા સાધન થાય એમ માને તેને આત્માના સ્વભાવની ખબર નથી. પરમેશ્વરપણું પોતામાંથી પ્રાપ્ત થાય ને બીજાની ઓશીયાળ ન રહે એવી આ વાત છે. આવો જ આત્માનો વૈભવ છે. આ વસ્તુ લક્ષમાં લ્યે તો ઉપાદાન-નિમિત્ત કે નિશ્ચય-વ્યવહાર વગેરે બધા તત્ત્વોનો નિર્ણય થઈ જાય.

અરે આત્મા! તારામાં પ્રભુતાનું પરમ સામર્થ્ય ભર્યું છે પછી તારે બીજા કોની મદદ લેવી છે? તારી શક્તિમાં એવી કોઈ અધુરાશ ક્યાં છે કે તારે બહારમાં બીજા કારણને શોધવા પડે? અરે, સ્વશક્તિમાં મહાન સામર્થ્ય છે તેને ભૂલીને, નિમિત્તકારણ પાસે દીનતા કરીને તું કેમ અટક્યો? પરને કારણે આત્મામાં હીનતા થાય એ વાત તો દૂર રહો ને પોતાની પર્યાયને કારણે પરમાં હીનતા થાય તે પણ આત્માના સ્વભાવમાં નથી. દીનતા કે હીનતા વગરનો આત્મસ્વભાવ છે તેની શક્તિમાંથી તો પૂરો વિકાસ જ પ્રગટે અને તે પણ

જેમ સર્વજ્ઞ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે પોતામાં કરી છે તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે. ફેરફાર કરવાની વાત જ નથી. —પૂજ્ય ગુરુદેવશ્રી

અન્ય કારણ વગર જ પ્રગટે એવો આત્માનો સ્વભાવ છે. સ્વભાવનો આવો વૈભવ તારામાં ભર્યો જ છે, તેમાં નજર કર એટલી જ પ્રગટવાની વાર છે.

સમયસાર ગાથા ૭૨મા આત્મા અને આસ્રવોની ભિન્નતાનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે—આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે અને ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહી હોવાથી દુઃખનું અકારણ છે. આત્મા પોતે નિજસ્વભાવથી દુઃખનું કારણ હોઈ શકે નહિ, દુઃખનું કારણ તો નવા આગુન્તક મલિન આસ્રવભાવો છે. આત્માનો સ્વભાવ દુઃખનું કારણ નથી. ગુણસ્વભાવ આત્મા પોતાના ગુણોના કાર્યનું કારણ થાય છે પણ અન્યનું કારણ થતો નથી. જો બીજા સાથે કારણકાર્યપણું કરવા જાય તો ત્યાં આકુળતા ને દુઃખની ઉત્પત્તિ થાય છે. આ રીતે પર સાથે એકત્વબુદ્ધિરૂપ આસ્રવ તે દુઃખનું કારણ છે ને ભગવાન આત્મા સ્વયમેવ સુખરૂપ હોવાથી દુઃખનું કારણ નથી. આમ ભિન્નતા જાણીને, ક્રોધાદિથી ભિન્ન આત્મસ્વભાવનો અનુભવ કરતાં આત્મા નિર્મળ સુખરૂપે પરિણમે છે ને દુઃખરૂપ એવા આસ્રવભાવો છૂટી જાય છે. (ક્રમશઃ)

❀

(સ્વરૂપમાં એકાગ્રતા..... અનુસંધાન પેઈજ નંબર ૧૦થી ચાલુ)

સપ્તભંગીનો પહેલો જ મહાસિદ્ધાંત છે કે સ્વચતુષ્ટયમાં અસ્તિમાં પરચતુષ્ટયની નાસ્તિ છે. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવની પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવમાં નાસ્તિ હોવા છતાં જેને પરના સંબંધમાં જ પ્રેમ છે તેને નિજાનંદમાં ગતિ થવી વિષમ છે—કઠણ છે.

આનંદઘન પ્રભુકે ઘર દ્વારે, રટણ કરું ગુણધામા...પરમાત્માના ઘરમાં પ્રવેશ કરવો હોય તો બધા ગુણોનું રટણ કર તો અંદર પ્રવેશ કરી જવાશે.

અહીં આચાર્ય મહારાજ કહે છે કે જ્યાં તારું ધ્યાન જામે છે તે કાર્ય તને સુલભ થઈ પડે છે. આત્માના સ્વરૂપમાં તારું ધ્યાન નથી તેથી તને તે દુર્લભ થઈ પડ્યું છે. ખરેખર વિષયોમાં તો એને પરનું અવલંબન લેવું પડે છે માટે એ દુર્લભ છે. પોતાનું ધ્યાન કરવામાં કોઈનું અવલંબન લેવું પડતું નથી. સ્વાધીન છે માટે સુલભ છે પણ અનાદિથી જીવની ગતિ પર તરફ છે તેથી પરનું ધ્યાન કઠણ થઈ ગયું છે. *(ક્રમશઃ)*

સંવર–નિર્જરા–મોક્ષ પર્યાય પણ આત્મા નહિ, ઉપાદેય નહિ, ઉપાદેય તો કારણપરમાત્મા જ છે.
**—પૂજ્ય ગુરુદેવશ્રી**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

✽ શ્રોતા :—તત્ત્વની વાતમાં અર્પણતા હોય કે વ્યવહારની વાતમાં પણ અર્પણતા હોય?

પૂજ્ય બહેનશ્રી :—અર્પણતા બધામાં હોય. વળી આમાં વાયદા હોતા નથી. અર્પણતામાં વાયદા કે કાયદા હોતા નથી. તત્ત્વની જ અર્પણતા હોય અને બીજી અર્પણતા ન હોય તો વ્યવહારની વાતોમાં પોતે ડાહ્યો થઈ ગયો, વ્યવહારની વાતમાં મને ખબર પડે અને તત્ત્વની વાતમાં ગુરુને ખબર પડે, એવું ડહાપણ રહેવા દે. ગુરુ કહે દિવસ છે તો દિવસ ને રાત છે તો રાત. એવી અર્પણતા હોવી જોઈએ.

જે મુક્તિના પંથે ચાલ્યા, મુક્તિના પંથે જેની પરિણતિ ગઈ તે જ્ઞાનીના વિકલ્પ અને પરિણતિ બધું યથાર્થ છે. તે ગ્રહણ કરવામાં પોતાને લાભ છે. જે સાધકદશામાં રહેલા હોય તેનું અંદરનું ને બહારનું બધું સ્વીકાર્ય છે. આત્માર્થીને બધા આગ્રહો છૂટી જાય છે, તેને કોઈ જાતનો આગ્રહ રહેતો નથી કે વ્યવહારમાં આમ હોય અને નિશ્ચયથી આમ હોય. આત્માર્થીને મન-વચન-કાયાથી બધું છૂટી જાય છે.

✽ શ્રોતા :—આપ આજના બેસતા વર્ષની બોણી આપો.

પૂજ્ય બહેનશ્રી :—દેવ-શાસ્ત્ર-ગુરુ અને શુદ્ધાત્મા મંગળ છે. એક શુદ્ધાત્માનું ધ્યેય રાખીને, શુદ્ધાત્મા કેમ પ્રગટ થાય? નિર્મળ પર્યાય કેમ પ્રગટે? નવીન પર્યાય કેમ પ્રગટ થાય? તે ભાવના રાખવા જેવી છે.

મારા ભાવે, મારા ધ્યાને, મારા બધા વર્તનમાં જ્ઞાયકદેવ હજો. જ્ઞાનમાં જ્ઞાયકદેવ, દૃષ્ટિમાં જ્ઞાયકદેવ, લીનતામાં જ્ઞાયકદેવ, બધે જ્ઞાયકદેવ હજો. આવે છે ને? કે ''મારા ધ્યાને હજો, મારા ભાવે હજો જિનવાણ રે'' તેમ મારા ધ્યાનમાં, મારા ભાવમાં, મારા મનની અંદર જ્ઞાયકદેવ હજો, શુદ્ધતામાં જ્ઞાયકદેવ હજો અને શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુ હજો એવી ભાવના, એવું રટણ, એવી જિજ્ઞાસા તે બધું કરવા જેવું છે. એક શુદ્ધાત્માને લક્ષમાં

બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું. આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે. **–પૂજ્ય ગુરુદેવશ્રી**

રાખવાથી—તેના ધ્યેયને ઓળખવાથી નવીન પર્યાયો પ્રગટ થાય તે જ નવીનતા છે. આ નવીન વર્ષ કહેવાય તે વ્યવહારથી, પણ અંતરમાં નવીન પર્યાયો પ્રગટ થાય તે ખરી નવીનતા છે. માટે શુદ્ધાત્માનું–જ્ઞાયકદેવનું ધ્યાન રાખવું. એ જ જીવનમાં કર્તવ્ય છે, બાકી બધું ગૌણ છે. સારભૂત હોય તો એક આત્મા છે. સર્વોત્કૃષ્ટ, અનુપમ–જ્ઞાયક તત્ત્વને ઓળખવા જેવું છે. ખરું આ જ કરવા જેવું છે. બસ આમાં બધું આવી ગયું.

* શ્રોતા :—જ્ઞાનની પરિણતિમાં કેવળ જ્ઞાયકભાવનું અસ્તિત્વ ગ્રહણ કરવાનું છે?

પૂજ્ય બહેનશ્રી :—હા, જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ કરવાનું છે. હું કેમ જાણું છું? કેવી રીતે જાણું છું? તે કાંઈ દૃષ્ટિનો વિષય નથી. હું કેવી રીતે જાણું છું તેમાં પર તરફની વાત આવી, તે દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય તો સ્વયં જ્ઞાયક છે. મારી જ્ઞાન-પરિણતિ બીજાને કે પોતાને કેવી રીતે જાણે છે તે જ્ઞાન કરવાની વાત છે. દૃષ્ટિના વિષયમાં હું બહારથી જાણું એવું આવતું નથી. દૃષ્ટિના વિષયમાં કોઈ ભેદ નથી. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવું તે દૃષ્ટિનો વિષય છે. ગુણભેદ કે સ્વ-પર પ્રકાશકનો ભેદ દૃષ્ટિના વિષયમાં આવતો નથી.

દીવો કે અરીસો, કોઈ બહાર જતા નથી. અરીસો અંદર રહે અને દીવો બહાર જાય તેવું નથી. દીવાનો પ્રકાશ બહાર પડે એટલે દીવો બહાર ગયો તેવું લાગે છે પણ બહાર જતો નથી. પોતાને જ્ઞેયનો આધાર નથી, તો બહાર ક્યાં લેવા જવું છે? સ્વયં જાણનારને બીજું કોણ જણાવે? અને અંદરમાં પ્રતિબિંબ ક્યાંથી આવી પડે? સ્વયં જાણનારો છે. પ્રતિબિંબ જ્ઞેય તરફની અપેક્ષાથી કહેવાય છે. જ્ઞેય વચ્ચે આવી જાય છે, પણ જ્ઞેયનું આલંબન તેને લેવું પડે તેમ નથી. સ્વયં પોતે જ્ઞાનાકાર છે અને જ્ઞેયાકારરૂપે પરિણમે એવું સ્વરૂપ છે.

* શ્રોતા :—જ્ઞેયો સાથે સંબંધ નથી એમ કહે છે અને પાછો સંબંધ વિચારે છે?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞેય સાથે સંબંધ નહિ હોવા છતાં પોતે સ્વ-પર પ્રકાશક છે, એવો તેનો સ્વભાવ છે. શાસ્ત્રમાં આવે છે કે મેરુપર્વત, દેવલોક આદિ દૂર ક્ષેત્રે રહેલા પદાર્થ જ્ઞાનમાં જણાય ત્યાં ક્યાં પ્રતિબિંબો હોય છે ને પોતે ક્યાં તે ક્ષેત્રે જાય છે? પોતે સ્વયં જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે. દૂર કે નજીક રહેલા પદાર્થને પોતાના નિર્મળ જ્ઞાનમાં જાણવાનો સ્વભાવ છે પણ તે નજીક રહેલા હોય ત્યારે એમ લાગે છે કે મારામાં આનાં પ્રતિબિંબો પડે છે. ભ્રાંતિના કારણે એવું લાગે છે તે તેની ભૂલ છે. તે ક્ષયોપશમ જ્ઞાનની પરિણતિ છે, તે એકત્વ છે એટલે એમ લાગે કે આ બધું જાણે મારામાં આવે છે અને હું બહાર જાઉં છું.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી ચર્ચા આપવામાં આવી છે.)

* શ્રોતા :—આત્મસ્વભાવ સુખનો સાગર છે તો વર્તમાનમાં એ સુખનો એક અંશ પણ કેમ આવતો નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મા સુખનો સાગર હોવા છતાં તેણે રાગની આડ મારી છે, રાગમાં એકતાબુદ્ધિના તાળા માર્યા છે. તેથી સ્વભાવમાંથી સુખનો અંશ આવતો નથી. રાગની એકતાબુદ્ધિના તાળા તોડી રાગથી ભેદજ્ઞાન કરે તો સ્વભાવમાંથી સુખનો અંશ પ્રગટે.

* શ્રોતા :—પર્યાયમાં પ્રભુતા કેમ પ્રગટે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે ભાઈ! તું રાગાદિથી નિર્લેપસ્વરૂપ પ્રભુ છો! કષાય આવે તેને જાણવો તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા તે તારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય કષાયોથી નિર્લેપ તરતો ને તરતો જ છે. જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે તેમ કષાયભાવો—વિભાવો જ્ઞાનમાં જણાય છે. તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પો આવે તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે, જ્ઞાયકની જાતના નથી તેથી કજાત છે, પર જાત છે, પરજ્ઞેય છે, સ્વજાત—સ્વજ્ઞેય નથી. તું જ્ઞાયકસ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

* શ્રોતા :—આત્મવસ્તુ અવ્યક્ત છે તો કેમ જણાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : વર્તમાન વર્તતી પર્યાય વ્યક્ત છે—પ્રગટ છે. તે પર્યાય ક્યાંથી આવે છે? કોઈ વસ્તુ છે તેમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તરંગ છે તે પાણીમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવતી નથી પણ અંદર વસ્તુ અવ્યક્ત—શક્તિરૂપ છે તેમાંથી આવે છે. વ્યક્ત પર્યાય અવ્યક્ત આત્મશક્તિને પ્રસિદ્ધ કરે છે—બતાવે છે.

* શ્રોતા :—'જ્ઞાન તે આત્મા'—એમ કહીને ફક્ત જ્ઞાન દ્વારા જ આત્માની ઓળખાણ કેમ કરાવી? જીવનું મૂળ પ્રયોજન તો આનંદ પ્રાપ્ત કરવાનું છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્માને ઓળખાવવા જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા એમ

કહ્યું છે કારણ કે જ્ઞાન તે પ્રગટ અંશ છે અને આનંદનો અંશ કાંઈ પ્રગટ નથી, પ્રગટ તો આકુળતા છે; તેથી જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાનના પ્રગટ અંશને અંદરમાં વાળે એટલે આખું સળંગ થઈ જાય છે (દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે). આત્માને જ્ઞાનના અંશથી ઓળખાવવાનો મૂળ હેતુ તો આ છે.

* શ્રોતા :—સમયસાર–સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનું માંગલિક કરતાં આચાર્યદેવ કહે છે કે આત્માનો દ્રવ્યસ્વભાવ શુદ્ધ શુદ્ધ છે એટલે કે ઘણો જ શુદ્ધ છે. અહીં શુદ્ધ શુદ્ધ શબ્દનો પ્રયોગ બે વખત કરવાનો શું આશય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પ્રથમ તો પરદ્રવ્યથી ભિન્ન હોવાથી શુદ્ધ છે અને રાગથી પણ ભિન્ન હોવાથી શુદ્ધ છે. બંધ ને મોક્ષના વિકલ્પોથી દૂરીભૂત છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સમસ્ત પર્યાયોથી આત્મસ્વભાવ અત્યંત દૂર છે, ઘણો જ દૂર છે, તેથી આત્મસ્વભાવ શુદ્ધ શુદ્ધ છે.

* શ્રોતા :—''હું શુદ્ધ છું''–તેનો અર્થ શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નર-નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ અને સંવર, નિર્જરા, મોક્ષ–એ નવ તત્ત્વોથી એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ વડે અત્યંત જુદો હોવાથી હું શુદ્ધ છું. આહાહા! સાધક બાધકની પર્યાયથી પણ અત્યંત જુદો કહ્યો. શરીર આદિથી તો અત્યંત જુદો છે જ, પુણ્ય-પાપ આદિથી પણ અત્યંત જુદો છે જ પણ સંવર-નિર્જરા-મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારીક ભાવોથી પણ હું એક ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવ વડે અત્યંત જુદો હોવાથી શુદ્ધ છું. આહાહા! અહીં સમયસારની ગાથા ૩૮મા તો સંવર, નિર્જરા, મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારીક ભાવોથી પણ આત્માને અત્યંત જુદો કહીને દિગંબર સંતોએ અંતરના પેટની વાતો ખુલ્લી કરી છે. આવી વાતો બીજે ક્યાંય નથી. આહાહા! જગતના ભાગ્ય છે કે આવી વાણી રહી ગઈ છે.

* શ્રોતા :—અજ્ઞાનીએ શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અજ્ઞાનીએ પહેલાં વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન કરીને આત્માનું ભાન કરવું, એ સમ્યગ્દર્શન પામવાનો સાચો ઉપાય છે. શુભરાગના ક્રિયાકાંડ કરવા તે સાચો ઉપાય નથી.

* શ્રોતા :—લોક છ દ્રવ્યસ્વરૂપ છે, તેમાં જીવ સપ્તમ્ દ્રવ્ય થઈ જાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—લોક છે તો છ દ્રવ્યસ્વરૂપ જ, પણ તે જ્ઞેય હોવાથી વ્યક્ત છે અને તેને જાણનાર જીવ તેનાથી ભિન્ન છે તેથી તે અપેક્ષાએ તેને સપ્તમ્ દ્રવ્ય કહ્યું છે.

## બાળ વિભાગ

પુષ્પદંત–કવિકૃત

# યશોધર ચરિત્ર

(ગતાંકથી ચાલુ)

મહારાજ મારિદત્ત! આ પ્રકારના પ્રેમપૂર્ણ અમૃતાદેવીના વચનો સાંભળીને હર્ષિત થતો કર્મોથી પ્રેરાયેલો હું અમૃતાના મહેલ તરફ જવા લાગ્યો. ત્યાં સ્ફટિકભૂમિમાં ઉજ્જ્વલ આસન ઉપર માતા સહિત બેઠો. સુવર્ણના થાળમાં સરસ વ્યંજન સમૂહ સુકવિના કાવ્યની જેમ સરસ અતિ મનોજ્ઞ દેખાવા લાગ્યા તથા ભોજન સમયની સભા પણ કાવ્યની જેમ સરસ્વતી લાગતી હતી.

તે અતિ કોમળ સરસ નિર્મળ અને સફેદ ઉત્તમ ભાતનું ભોજન કૃતઘ્ની જેવું લાગતું હતું. તે સમયે નવા સુવર્ણમયી ફોતરા સહિત અને બે ભાગવાળી દાળ મારી થાળીમાં રાખેલી એવી લાગી કે માનો ખંડ કરેલા યમરાજના બાણ જ ન હોય!

રાજન્! તે રસોઈયાએ ગરમ દૂધ, ઘી અને ઉત્તમ દહીં મારી થાળીમાં રાખ્યા તે એવા લાગતા હતા માનો દુષ્ટ ગૃહિણીના સંગમમાં યમપુરનો માર્ગ જ એકત્રિત થયો છે.

ત્યારબાદ મોદક પણ દેવામાં આવ્યા. તે તીવ્ર વિષયુક્ત મોદક તે જ અમૃતાદેવીએ પ્રેમપૂર્વક આપ્યા. તેણે કહ્યું :—પ્રાણનાથ! આ મોદક મારી માતાએ મોકલ્યા હતા જે મેં આપના માટે રાખી મૂક્યા હતા. આજે આપને આપું છું. તેથી આપ સૌથી પહેલાં આ અમૃતમય અતિ સ્વાદિષ્ટ મોદકનો સ્વાદ લ્યો. ત્યારબાદ અનેક મસાલા સહિત તીક્ષ્ણ તલવાર જેવા શાક પણ પીરસવામાં આવ્યા.

નૃપવર! જોકે હું દુષ્ટ પત્નીના ચરિત્રથી વિરક્ત હતો તોપણ તેની પ્રેમસહિતની મોહની વાતોથી મોહિત થઈને જ્ઞાનશૂન્ય થઈ ગયો. એ સમયે મને કાંઈ પણ વિચાર ન રહ્યો અર્થાત્ સમસ્ત ઉત્તમ વ્યંજનોને છોડી પ્રથમ મોદકનું જ ભક્ષણ અમે બંને માતા–પુત્રએ કર્યું.

તે તીવ્ર વિષની વેદનાથી તત્કાલ બંનેનું માથું ફરવા લાગ્યું. જ્યારે મેં જાણી લીધું કે આમાં હલાહલ વિષ છે ત્યારે મારા મોઢામાંથી વૈદ્ય.....વૈદ્ય......શીઘ્ર વૈદ્યને બોલાવો.....એટલા જ શબ્દ નીકળી શક્યા ને તરત જ હું મૂર્છિત થઈ ધરાશાયી થઈ ગયો.

તે જ સમયે તે દુષ્ટા કપટી મારી પત્ની અમૃતા હા નાથ! હા નાથ! શબ્દો બોલતી બૂમો પાડવા લાગી. ત્યારબાદ મારી ઉપર પડીને ખૂબ જ કઠોરતાથી મારું ગળુ દબાવીને મને માર્યો.

રાજન્! પછી તેણે વિચાર્યું કે જો વૈદ્ય આવશે તો મારું કપટ પકડાઈ જશે તેથી કાંઈક એવો વિચાર કરું કે વૈદ્યના આવી જવાથી પણ મારી માયાચારીની જાણ ન થાય. આમ વિચારી તેણે પોતાના દાંતથી મારું ગળું દબાવી મને માર્યો અને હા નાથ! હા નાથ! કરી લોકોને દેખાડવા માટે બૂમો પાડવા લાગી. તેના અવાજથી સમસ્ત પરિવાર અને સમસ્ત અંતઃપુર એકત્રિત થઈ ગયું.

રાજન્! જે પુરુષ વ્યભિચારિણી કુલટાના વચનોનો વિશ્વાસ કરે છે તે મારી જેમ નષ્ટ થઈ જાય છે.

તે સમયે સજ્જન પુરુષોના મન અને નેત્રોને આનંદદાયક મારા પુત્રને સૂચના મળતાં શરીર કાંપવા લાગ્યું અને ધરતી પર એવી રીતે પડ્યું કે જેમ વજ્રપાતથી પર્વત પડે!

ત્યારબાદ સચેત થઈને ''હા નાથ! હાય પિતા! આપના વિના સમસ્ત જગત અંધકારમય જણાવા લાગ્યું છે. હવે આ અવંતીનો સ્વામી કોણ થશે? હે પિતા! આપના વિના આ રાજ્ય હવે રુચિકર થવાને બદલે હવે દુઃખદાયક થઈ ગયું. હે પિતા! આ વિશાળ રાજ્ય પર હવે વજ્રપાત થાય તોપણ મને કાંઈ પ્રયોજન નથી'' ઈત્યાદિ પ્રકારે રુદન કરતો કરતો પોકારવા લાગ્યો.

હે રાજન્! એ સમયે મારા પુત્રની આવી દશા જોઈને વૃદ્ધ મંત્રી, સેનાપતિ આદિ મુખ્ય કર્મચારીગણ અને વૃદ્ધ કુટુંબીજન તેને સંબોધન કરવા લાગ્યા કે હે પૃથ્વીનાથ! જેમ બને તેમ આ દુઃખ સહિત આ અશ્રુપાતને રોકીને ચિત્‌માં સમાધાન કરો.

આ સમસ્ત સંસારમાં જેટલા મહાપુરુષ થયા તે બધા જ કાળનો કોળીયો બની ગયા છે. આ પૃથ્વી પર મહારાજ નળ, નહુષ, સગર આદિ મોટા મોટા પ્રજાપાલક થયા પરંતુ બધા જ કાળને વશ થઈને મૃત્યુ પામ્યા છે. આ પૃથ્વી પર વેણુપાલ આદિ મહાબલી રાજા થયા તેમનો પણ કાળે નાશ કર્યો. મહારાજ! પૂર્વે નારાયણ, પ્રતિનારાયણ, હલધર, ચક્રવર્તી અને કામદેવ આદિ મહાપ્રતાપી ત્રણ ખંડ અને છ ખંડના નાથ અનેક રાજાઓ થયા. તેઓએ પૃથ્વી ઉપર અનેક અદ્‌ભુત કાર્ય કર્યાં પરંતુ તેઓ પણ યમરાજના મુખનો કોળિયો થઈ ગયા.

હે ચિરંજીવ! જે જન્મ ધારણ કરે છે તે મરણને સાથે લાવે છે; તેથી સંસારની

અવસ્થા જાણીને શોકનો ત્યાગ કરો અને શાંત- ચિત્તથી નિજ પિતા અને દાદીનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરો.

એ સમયે સમસ્ત કર્મચારીઓ અને મંત્રીના સંબોધનથી યશોમતિ શોકનો ત્યાગ કરીને પિતા અને દાદીના અગ્નિદાહનો પ્રબંધ કરવા લાગ્યો. તે સમયે સમસ્ત કુટુંબીઓના મુખ મંડળની કાંતિ નષ્ટ થઈ ગઈ પરંતુ તે દુષ્ટા અમૃતાદેવીએ જોકે બાહ્ય દેખાવથી રુદન કર્યું તથાપિ તેના મુખની શોભા પ્રસન્ન જણાવા લાગી.

ઉદાસચિત્ત યશોમતિ ફરી મનમાં તપ્ત થવા લાગ્યો અને કહેવા લાગ્યો કે પિતાના વિના શું જીવિતવ્ય છે?

પૃથ્વીનાથ! મારા શોકથી આખા અંતઃપુરની સ્ત્રીઓ શોકસૂચક લાલ કપડા ધારણ કરીને અનેક લોકોની સાથે મારા મૃતદેહની પાછળ આવતી એવી લાગતી હતી જાણે સૂર્યની પાછળ સંધ્યા ગમન કરતી હોય. મારા શબની સાથે જતા બધા લોકો એવા લાગતા હતા જેમ કે ચંદ્રમાની સાથે અનેક નક્ષત્ર સમૂહ ગમન કરે છે. આવી જ રીતે રુદન કરતાં કરતાં મહાકાળ નામના યક્ષના મંદિરની દક્ષિણ દિશા તરફ સ્મશાનમાં લઈ ગયા. ત્યાં બધા જ પરિવારજનો, અન્ય દેશના રાજાઓ અને અન્ય ગામના લોકો આવ્યા પરંતુ મલિનભાવની ધારવાવાળી દુષ્ટા પાપિણી કૂબડામાં આસક્ત અમૃતા ન આવી.

નૃપવર! ઉપરોક્ત સમુદાયની વચ્ચે યશોમતિએ પિતા—દાદી બંનેનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યારબાદ મારા નામે અનેક બ્રાહ્મણોને ભેગા કરીને તેમને અનેક ગાયો, રત્ન, સુવર્ણહાર, બહુમૂલ્ય ઉત્તમ વસ્ત્ર અને અનેક ગામ આપ્યા. આંધળા, લૂલા, લંગડા, ભિખારી, દરિદ્રી જીવોને અનાજ, કપડા આદિ દીધા પછી પરિવારના લોકોને ઉત્તમ ભોજનાદિથી સંતુષ્ટ કર્યા.

પૃથ્વીનાથ! મારા માટે યશોમતિએ અનેક પ્રકારના દાન કર્યા તોપણ હું સમસ્ત યોનિઓમાં ઉત્કૃષ્ટ મનુષ્યપર્યાયને પ્રાપ્ત ન થયો. *(ક્રમશઃ)*❑

## સમ્યક્ત્વજયંતી પત્રિકાની લેખનવિધિ

શ્રી દિગંબર જૈન મહિલા મુમુક્ષુ સમાજ—સોનગઢ તરફથી ઉજવવામાં આવનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૧મા સમ્યક્જયંતી મહોત્સવની મંગલ પત્રિકાની લેખનવિધિ તા. ૨૩-૨-૨૦૧૩ના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે તો બધા મુમુક્ષુઓને સોનગઢ પધારવા આમંત્રણ છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૦ થી ૬-૩૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

# વૈરાગ્ય સમાચાર :–

ભાવનગરનિવાસી (હાલ-સુરત) સ્વ. જયંતીલાલ વાલજીભાઈના પુત્રવધૂ જ્યોતિબેન નવનીતરાય (વર્ષ-૬૪) તા. ૨૮-૧૦-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ-સોનગઢ) શ્રી ધીરુભાઈ દલપતભાઈ સપાણી (વર્ષ-૮૮) તા. ૨૪-૧૨-૧૨ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના જૂના અનુયાયી હતા; વર્ષોથી સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેતા હતા. છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ નિવાસસ્થાન બનાવીને સોનગઢ સ્થાયી રહેતા હતા.

નાઈરોબીનિવાસી શ્રી રમણિકલાલ નથુભાઈ ધનાણી (વર્ષ-૭૫) તા. ૨૪-૧૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નાઈરોબી ટ્રસ્ટના આદ્ય ટ્રસ્ટી હતા. છેલ્લા ૨૦ વર્ષોથી તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો નિયમિત લાભ લેતા હતા.

રાજકોટનિવાસી શ્રી હરીશચંદ્ર છોટાલાલ ગાંધી (વર્ષ-૮૩) તા. ૨૫-૧૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને નાની ઉંમરથી જ પૂજ્ય ગુરુદેવશ્રીનો સત્સમાગમ પ્રાપ્ત થવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ મળ્યો હતો.

રાણપુરનિવાસી (હાલ-સુરેન્દ્રનગર) હરેશભાઈ ચંદ્રકાંત વાડીલાલ શાહ (વર્ષ-૫૫) સમ્મેદશિખરજીમાં ગણધરની ટૂંક ઉપર તા. ૩૧-૧૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સુરેન્દ્રનગરના પંચકલ્યાણક પ્રતિષ્ઠા પ્રસંગે તેઓએ સેવાનો ઘણો લાભ લીધો હતો.

ખંડવાનિવાસી (હાલ-નેપાનગર) સરોજબેન મૂલચંદજી દોશી (—તે સોનગઢનિવાસી બ્ર. સુબોધબેનના મોટાબેન) (વર્ષ-૭૮) તા. ૩-૧-૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વોપદેશની ઘણી જિજ્ઞાસા હતી.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ આની આ વાત બબ્બે ચચ્ચાર કલાક સુધી સાંભળે છે અને હકાર આવે છે, રાગનો નિષેધ આવે છે, આનું આ જ ઘૂંટણ ચાલે છે એ શું કોઈ ક્રિયા નથી? જડની અને રાગની ક્રિયા એ જ ક્રિયા હશે? એનું (જ્ઞાનનું) માહાત્મ્ય આવતું નથી. આ સત્યનો જ હકાર આવે છે અને રાગનો નિષેધ-નકાર આવે છે. આ જ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે. ૬૪૦.

✻ ભાઈ! આ દેહના ચોસલા છૂટા પડશે, કોઈ શરણ નહિ આપે—એમ શરણભૂત વસ્તુ નહિ પકડાય. પહેલાં પદાર્થની સ્વતંત્રતા જેમ છે તેમ કબૂલ કરે અને પછી પણ ગુંલાટ મારીને અંતરમાં જાય ત્યારે ચૈતન્યસ્વભાવ પકડમાં આવે છે. ૬૪૧.

✻ આહાહા! ત્રણલોકના નાથ જાણે સામે ઊભા હોય ને કહેતાં હોય કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ જ કરે નહિ—એમ ફાટ....ફાટ...પ્યાલાની જેમ બે દ્રવ્યોની ભિન્નતા બતાવે છે. અરે! આવી વીતરાગની વાતો સાંભળનાર લોકો ભાગ્યશાળી છે. સાક્ષાત્ ભગવાન કહેતાં હોય તેમ સંતો શાસ્ત્ર દ્વારા કહે છે. ૬૪૨.

✻ અહો! પોતે ચેતન, જડની પાસે ભીખ માંગે છે, મને સુખ દ્યો. જેમ બાદશાહ વાઘરીને ઘેર ભીખ માગે કે મને ખાવાનું બટકું રોટલો આપો તેમ. આત્મા રાગરૂપે તો કોઈ દી થયો નથી, ભેદરૂપે થયો નથી, અનેકરૂપે થયો નથી, એકરૂપતા કદી છોડી નથી, એનામાં ગુણના ને પર્યાયના ભેદ (વિકલ્પ) જેને ખટકે છે એને રાગથી થાય એ વાત જ ક્યાં છે? વીતરાગી ભગવાન કહે છે કે મારું સાંભળવા બેઠો છો પણ છે તો એ વિકલ્પ, ધ્યાન રાખજે એમાં ફસાઈ જતો નહીં. ૬૪૩.

✻ અરે પ્રભુ! તું સ્વભાવે પરમેશ્વર છો. તારી વિરુદ્ધની વાતો કરતા શરમ આવે છે! અનાદર નથી આવતો; ક્યાં તારી શુદ્ધતા અને ક્યાં આ વિકારી ભાવ–મિથ્યાત્વ–સંસાર! અરે! ક્યાં લીંબડાનાં અવતાર! નિગોદમાં અવતાર! અરે! તું ભગવાન સ્વરૂપ! ભગવાન તું ક્યાં ગયો! તારો વિરોધ નથી પ્રભુ! તારાથી વિરુદ્ધભાવનો વિરોધ છે. જેની મા ખાનદાનની દીકરી, જેની આંખ ઊંચી ન થાય એનો દીકરો વેશ્યામાં જાય—એમ આ પરિણતિ પ્રભુની જે પોતાના સ્વરૂપને છોડી વિકારમાં જાય, પ્રભુ! શરમ આવે છે. ૬૪૪.

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૧૩
અંક-૬ * વર્ષ-૭

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## * તારા અપાર વૈભવને લક્ષમાં લે *

અરે, સંસારમાં લક્ષ્મી માટે જીવો કેટલા દગા—પ્રપંચ ને રાગ-દ્વેષ કરે છે! તેમાં જીવન ગુમાવે છે ને પાપ બાંધે છે. ભાઈ! તારા સ્વઘરની ચૈતન્યલક્ષ્મી મહાન છે, તેની સંભાળ કરને! તેમાં ક્યાંય દગા—પ્રપંચ નથી, રાગ-દ્વેષ નથી, કોઈની જરૂર નથી, છતાં તે મહા આનંદરૂપ છે. બહારની લક્ષ્મી મળે તોપણ તેમાં સુખ મળતું નથી; આ ચૈતન્યલક્ષ્મી પોતે મહા આનંદરૂપ છે ને સ્વયં પ્રકાશમાન છે. આવો અપાર વૈભવ તારામાં ભર્યો છે તેને તો લક્ષમાં લે. તેમાં ક્યાંય એક વિકલ્પનોય બોજો નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**